અમરનાથ યાત્રા ૨૦૨૬ને લઈ શિવ ભક્તોમાં ખુબ ઉત્સાહ

જમ્મુ, અમરનાથ યાત્રા ૨૦૨૬ને લઈ શિવ ભક્તોમાં ખુબ ઉત્સાહ છે અને બાબા બરફાનીના દર્શન કરવા આતુર છે. અમરનાથ યાત્રા ૨૦૨૬ ૩ જુલાઈ થી ૨૮ ઓગસ્ટ સુધી ૫૭ દિવસ સુધી રક્ષાબંધન સુધી ચાલશે.જેને લઈ લુધિયાણાથી હજારો શિવભક્તોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

અમરનાથ યાત્રા માટે શિવ ભક્તોને ૧૪ કિલોમીટર સુધી પગપાળા જવાનું હોય છે. અમરનાથ યાત્રા માટે ૧૩ વર્ષથી ઓછી ઉંમરના અને ૭૦ વર્ષની ઉંમરના શ્રદ્ધાળુઓને આ યાત્રામાં સામેલ થવાની પરવાનગી નથી.

આ વર્ષે, વહીવટીતંત્રે અમરનાથ યાત્રા અંગેના કેટલાક નિયમોમાં ફેરફાર કર્યા છે. દર વર્ષે યાત્રા માટે યાત્રાળુઓ અમરનાથ યાત્રા માટે નીલગ્રંથથી પંચતરણી અને પહેલગાંવથી પંચતરણી સુધી પગપાળા, ઘોડા પર અને હવાઈ માર્ગે મુસાફરી કરતા હતા. પરંતુ આ વખતે અમરનાથ યાત્રા પ્રશાસન દ્વારા હેલિકોપ્ટર સેવા બંધ કરવામાં આવી છે. સુરક્ષાના કારણથી યાત્રા માર્ગને નો ફ્લાઈંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. જેના કારણે હેલિકોપ્ટર સેવા બંધ રહેશે.

૧૩ થી ૭૦ વર્ષની અંદરના કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. છ અઠવાડિયાથી વધુ ગર્ભવતી મહિલાઓને મુસાફરી કરવાની પરવાનગી નથી.

કેદારનાથમાં શ્રદ્ધાળુઓની પ્રચંડ ભીડ

ભાજપ સરકારે ચારધામ દર્શનના નિયમ બદલ્યા

કેદારનાથ, છેલ્લા દિવસોમાં કેદારનાથ દર્શનને લઈને લોકોની ભારે ભીડ અને રડતા-કકળતા શ્રદ્ધાળુઓની આપવીતી દર્શાવતા વીડિયો વાઈરલ થયો હતો. આ ઘટના બાદ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ મોટું એલાન કર્યું છે. મુખ્યમંત્રી ધામી એ કહ્યું કે, ચારધામ યાત્રા દરમિયાન ધામોની ધારણ ક્ષમતા પ્રમાણે દર્શનને લઈને વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. તેમણે ચારધામ યાત્રાને લઈને અધિકારીઓને અનેક નિર્દેશો આપ્યા છે.

મુખ્યમંત્રીએ અધિકારીઓને કહ્યું કે, શ્રદ્ધાળુઓની સુવિધા માટે ધામોમાં દર્શન માટે એક વિસ્તૃત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (જીં) તૈયાર કરો. કોઈપણ ધામ અથવા પડાવ માટે નક્કી કરેલી ક્ષમતા કરતાં વધુ લોકો આવી જાય તેવા સંજોગોમાં નીચે આવેલા હોલ્ડિંગ એરિયા-પ્રમુખ ચેક પોઈન્ટ્સ પર વાહનો અને શ્રદ્ધાળુઓની અવરજવરને નિયંત્રિત કરવામાં આવે. ભીડના વ્યવસ્થાપન (ક્રાઉડ મેનેજમેન્ટ) માટે તબક્કાવાર વ્યવસ્થા અપનાવીને જ યાત્રિકોને આગળ મોકલવામાં આવે, જેથી ધામોમાં અવ્યવસ્થાની સ્થિતિ ઊભી ન થાય. મુખ્યમંત્રીએ કહ્યું કે, ભીડ નિયંત્રણ હેઠળ જો શ્રદ્ધાળુઓને અધવચ્ચે રોકવામાં આવે, તો તેમને તે માટેનું કારણ, સંભવિત પ્રતીક્ષા સમય (વેઈટિંગ ટાઈમ) અને આગળની વ્યવસ્થા અંગેની માહિતી નિયમિતપણે આપતા રહેવું. યાત્રીઓને કોઈપણ પરિસ્થિતિમાં માહિતીના અભાવનો સામનો ન કરવો પડે તે ધ્યાન રાખવું. આ માટે જાહેર સૂચના પ્રણાલી, એલઈડી ડિસ્પ્લે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને એફએમ રેડિયોના માધ્યમથી માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવે. હવામાનમાં પલટો, રસ્તો બંધ થવો, ટ્રાફિક જામ અથવા દર્શનમાં વિલંબ જેવી સ્થિતિઓ વિશે મુસાફરોને સમયસર જાણ કરવામાં આવે, જેથી તેમનામાં કોઈ ભ્રમ કે અસંતોષ ઊભો ન થાય. મુખ્યમંત્રીએ નિર્દેશ આપ્યો કે, જે સ્થળો પર શ્રદ્ધાળુઓને રોકવામાં કે ઠેરવવામાં આવી રહ્યા છે, ત્યાં પાર્કિંગ, ભોજન, પીવાનું પાણી અને શૌચાલય સહિતની તમામ જરૂરી સુવિધાઓની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે.

ચારધામ યાત્રાના રૂટ પર રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી સવારે ૪:૦૦ વાગ્યા સુધી યાત્રી વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ મંગળવારે અધિકારીઓને આ વ્યવસ્થાનું ચુસ્તપણે પાલન કરાવવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ તેમણે એવા પણ નિર્દેશ આપ્યા છે કે, ટ્રક અને અન્ય આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા ભારે વાહનોને માત્ર રાત્રિના સમયે જ પરિવહન કરવાની મંજૂરી આપવામાં આવશે. તેમના જણાવ્યા પ્રમાણે ચારધામ યાત્રા હવે બીજા અને વધુ પડકારજનક તબક્કામાં પ્રવેશ કરી રહી છે, જ્યાં પ્રતિકૂળ હવામાન સૌથી મોટો પડકાર રહેશે. આથી, સંવેદનશીલ સ્થળો પર જેસીબી, પોકલેન્ડ અને સેટેલાઇટ ફોનની સાથે એમ્બ્યુલન્સ તેમજ રાહત અને બચાવ કામગીરી માટેના જરૂરી સાધનોની વ્યવસ્થા કરાવવામાં આવે. મુખ્યમંત્રીએ તમામ અધિકારીઓને ફિલ્ડ પર હાજર રહીને તમામ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવા અને શ્રદ્ધાળુઓને તમામ મદદ પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે.

ચારધામ યાત્રાના રૂટ પર દિવસ દરમિયાન મધ્યમ અને ભારે માલવાહક વાહનોના પરિવહન પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. તીર્થયાત્રીઓને ટ્રાફિક જામની સમસ્યામાંથી મુક્તિ અપાવવા માટે મુખ્યમંત્રીએ આપેલા નિર્દેશ બાદ, ચારધામ યાત્રાના નોડલ ઑફિસર સંદીપ સૈની દ્વારા આ આદેશ આપવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીએ ગંભીર દર્દીઓને ઝડપી સારવાર આપવા માટે હેલી એમ્બ્યુલન્સ માટે રાજ્ય સ્તરે નોડલ ઑફિસર નિયુક્ત કરવાના નિર્દેશ આપ્યા છે. જરૂર પડે ત્યારે જિલ્લા કલેક્ટર (ડ્મ) પરસ્પર સંકલન સાધીને દર્દીઓને મદદ પૂરી પાડી શકશે. આ સાથે જ તેમણે કેદારનાથના પગપાળા માર્ગ પર પૂરતી સંખ્યામાં શેડ તથા વરસાદ અને તડકાથી બચાવની યોગ્ય વ્યવસ્થા કરવાની સાથે સ્વચ્છતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા જણાવ્યું છે. આ બેઠકમાં મંત્રી સતપાલ મહારાજ, ભરત સિંહ ચૌધરી, ધારાસભ્ય અનિલ નૌટિયાલ, આપત્તિ વ્યવસ્થાપન સલાહકાર સમિતિના ઉપાધ્યક્ષ વિનય રોહિલા અને મુખ્ય સચિવ આનંદ બર્ધન સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીએ ચારધામ યાત્રાના રૂટ પર ચાલતા તમામ હોટેલ-રેસ્ટોરન્ટ અને ઢાબામાં રેટ લિસ્ટ ફરજિયાતપણે પ્રદર્શિત કરાવવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે જ તેમણે ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે નિયમિતપણે સેમ્પલિંગ કરવા પણ જણાવ્યું છે. ગઢવાલ કમિશનર અને આઈજી ગઢવાલને આ વ્યવસ્થાઓની નિયમિત સમીક્ષા કરવા તેમજ શ્રદ્ધાળુઓ અને સ્થાનિક નાગરિકોની સમસ્યાઓનું ઝડપી નિવારણ લાવવા માટે નિર્દેશ આપ્યા છે.

૪૭ દિવસ જેલમાં રહેવું પડ્યું

દુબઈમાં એક કોમેડી રીલ ભારતીય સ્ટેન્ડઅપ કોમેડિયનને ભારે પડી

દુબઈ, સોશિયલ મીડિયા પર ફેમસ થવા માટે બનાવેલી એક કોમેડી રીલ ભારતીય સ્ટેન્ડ-અપ કોમેડિયન યશ ભારદ્વાજને આખી જિંદગી યાદ રહે તેવો સબક આપી ગઈ છે. યશ ભારદ્વાજે ખુલાસો કર્યો છે કે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલી માત્ર એક વીડિયો રીલના કારણે તેને દુબઈમાં ૪૭ દિવસ સુધી ડિટેન્શન સેન્ટરમાં જેલ જેવી સજા ભોગવવી પડી હતી. આખરે મામલો થાળે પડતાં તેને ભારત પરત મોકલી દેવામાં આવ્યો છે. યશ ભારદ્વાજે ઈન્સ્ટાગ્રામ પર પોતાની આપવીતી શેર કરતાં જણાવ્યું કે, ૧૯ માર્ચના રોજ તે દુબઈમાં એક કોમેડી શો માટે હાજર હતો. શો શરૂ થાય તે પહેલાં જ અચાનક તેના પર દુબઈ પોલીસનો ફોન આવ્યો અને તેને તાત્કાલિક પોલીસ મુખ્યાલયમાં હાજર થવા માટે આદેશ આપવામાં આવ્યો. શરૂઆતમાં યશને લાગ્યું કે આ કોઈ સામાન્ય પૂછપરછ હશે, પરંતુ પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ મામલો તેની ધારણા કરતાં ઘણો વધુ ગંભીર અને ભયાનક નીકળ્યો હતો. યશ ભારદ્વાજના જણાવ્યા મુજબ, તેની મુશ્કેલીનું મુખ્ય કારણ એક કોમેડી રીલ હતી, જે તેણે થોડા સમય પહેલાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. આ વીડિયોમાં તેણે દુબઈમાં 'ઈક્ષ્ઝી સ્ક્વૅજ' યોગ્ય રીતે કામ ન કરતું હોવા અંગે અને મધ્ય પૂર્વમાં વધેલા યુદ્ધના તણાવને લઈને એક હળવી મજાક કરી હતી. તે સમયે અમેરિકા, ઈરાન અને ઇઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે સમગ્ર અખાતી વિસ્તારનું વાતાવરણ અત્યંત સંવેદનશીલ હતું. યશનું કહેવું છે કે તેણે આ વીડિયો માત્ર મનોરંજનના હેતુથી બનાવ્યો હતો, પરંતુ દુબઈના સુરક્ષા અધિકારીઓએ તેને રાષ્ટ્રીય સુરક્ષા માટે એક સંભવિત ખતરા તરીકે જોયો અને તેની તાત્કાલિક અટકાયત કરી લીધી.

યશે જણાવ્યું કે આ ઘટના બાદ તેને ૪૭ દિવસ સુધી ડિટેન્શન સેન્ટરમાં બંધ રાખવામાં આવ્યો હતો. આ સમય તેના અને તેના પરિવાર માટે માનસિક, શારીરિક અને આર્થિક રીતે અત્યંત કઠિન રહ્યો હતો. આખરે કાનૂની પ્રક્રિયા બાદ ૫ સ્ટ્રકઅના રોજ તેને ભારત પરત મોકલી દેવામાં આવ્યો હતો. હાલમાં યશ મુંબઈમાં રહીને સામાન્ય જીવનમાં પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યો છે અને ફરી સ્ટેજ પર પરત ફરીને આ આઘાતમાંથી બહાર આવી રહ્યો છે.

ન્યુયોર્કની સ્ટેટ સેનેટમાં પ્રસ્તાવ પાસ

૧૫ ઓગસ્ટે અમેરિકામાં ભારતને મળશે મોટું સન્માન!

ન્યૂયોર્ક, ભારતની આઝાદીને લઈને અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યમાંથી એક મોટા સન્માનની તક સામે આવી છે. ન્યૂયોર્ક સ્ટેટ સેનેટે એક પ્રસ્તાવ પાસ કરીને રાજ્યપાલ કેથી હોચુલને અપીલ કરી છે કે તેઓ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ને સત્તાવાર રીતે "ઈન્ડિયા ઈન્ડિપેન્ડન્સ ડે" જાહેર કરે. આ પહેલને ભારત અને અમેરિકાના મજબૂત થઈ રહેલા સંબંધોની સાથે-સાથે ભારતીય-અમેરિકન સમુદાયની વધી રહેલી ઓળખના પ્રતીક તરીકે જોવામાં આવી રહી છે.

આ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન ન્યૂયોર્કના સાંસદોએ ભારતની લોકતાંત્રિક પરંપરાઓ, હજારો વર્ષ જૂની સભ્યતા અને વૈશ્વિક સ્તરે તેના યોગદાનની પ્રશંસા કરી. આ સાથે જ અમેરિકામાં ભારતીય મૂળના લોકોની સિદ્ધિઓ પર પણ વિશેષ રૂપે ચર્ચા કરવામાં આવી.

આ પ્રસ્તાવ રજૂ કરનાર સિનેટર જેરેમી એ. કૂની (ત્રીીદ્વિઅ છ. ઝ્રહીઅ)એ કહ્યું કે વિશ્વભરમાં ભારતીયો પોત-પોતાના સમુદાયો પર ઊંડો પ્રભાવ છોડી રહ્યા છે. તેમણે કહ્યું કે, આ તક ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ અને વિરાસતનું સન્માન કરવાની છે. બીજી તરફ જોસેફ પી. અડાબો જુનિયરે મહાત્મા ગાંધીના વિચારોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તેમનો સંદેશ આજે પણ ભારતીય-અમેરિકન સમુદાય અને આવનારી પેઢીઓને પ્રેરણા આપે છે. તેમણે ગાંધીજીના એ વિચારને પણ દોહરાવ્યો કે, 'ભવિષ્ય એ વાત પર નિર્ભર કરે છે કે આપણે વર્તમાનમાં શું કરીએ છીએ.'

સિનેટર જોન સી. લિયૂએ ભારતને વિશ્વની સૌથી જૂની સભ્યતાઓમાંથી એક ગણાવતા કહ્યું કે, 'ભારતની લોકતાંત્રિક પરંપરા પ્રેરણાદાયી છે. ભારતીય-અમેરિકનોએ ન્યૂયોર્ક અને સમગ્ર અમેરિકાના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. અન્ય સાંસદોએ પણ ભારતીય સમુદાયના શિક્ષણ, સામાજિક સેવા અને જાહેર જીવનમાં વધી રહેલી ભાગીદારીની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે, ભારતીય-અમેરિકનો આજે સ્થાનિક સમુદાયો, વ્યાપાર, શિક્ષણ અને નાગરિક નેતૃત્વનો એક મહત્વપૂર્ણ હિસ્સો બની ચૂક્યા છે. આ અવસર પર ન્યૂયોર્ક સ્થિત કોન્સ્યુલેટ જનરલ ઓફ ઇન્ડિયાના ડેપ્યુટી કોન્સ્યુલ જનરલ વિશાલ હર્ષ અને ભારતીય સમુદાયના પ્રતિનિધિઓનું પણ સેનેટમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતીય વાણિજ્ય દૂતાવાસે આ પ્રસ્તાવને આવકારતા ન્યૂયોર્ક સેનેટનો આભાર વ્યક્ત કર્યો છે. દૂતાવાસે કહ્યું કે, આ ભારતના લોકતાંત્રિક મૂલ્યો અને ભારતીય-અમેરિકન સમુદાયના યોગદાનને મળેલી એક મહત્વપૂર્ણ માન્યતા છે.

હિતોનું રક્ષણ થાય તો ડીલ માટે ઈરાન હવે તૈયાર

વોશિંગ્ટન, ઈરાન સામે શરૂ થયેલા યુદ્ધમાં અમેરિકાનો હાથ ઉપર હોવાનો અને ઈરાન પાસે પીસ ડીલ સ્વીકારવા સિવાય અન્ય કોઈ માર્ગ ન હોવાનો હુંકાર ટ્રમ્પે કર્યો છે. પીસ ડીલ માટે ઈરાન સાથે ચાલી રહેલી વાટાઘાટો દરમિયાન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઈરાન સાથે ખૂબ સારી સમજૂતીની નિકટ પહોંચ્યા છે, પરંતુ અપેક્ષિત પરિણામ ન મળે તો અમેરિકા અન્ય રીતે આ મુદ્દાનો અંત લાવશે. ઈરાને પોતાના નાગરિકોના અધિકારોનું રક્ષણ થાય તો ડીલ કરવા તત્પરતા બતાવી છે. યુદ્ધનો અંત લાવવા ઈરાન-યુએસ વચ્ચે અઠવાડિયાઓથી વાટાઘાટો ચાલી રહી છે, પરંતુ કોઈ નિષ્કર્ષ સુધી હજુ પહોંચી શકાયું નથી. રવિવારે ઈરાનના ટોચના નેગોશિએટર મોહમ્મદ બઘેર ઘલિબાફે કહ્યું હતું કે, ઈરાનના નાગરિકોના હિતોનું રક્ષણ સુનિશ્ચિત ન થાય તો ઈરાન કોઈ ડીલ કરશે નહીં. ટ્રમ્પે પુત્રવધૂ લારા ટ્રમ્પને આપેલા એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યું હતું કે, અમેરિકા ખબ સારી સમજૂતીની નજીક છે. પરંતુ, વધારે ઉતાવળ કરવામાં આવશે તો બહેતર ડીલ થઈ શકશે નહીં. ધીમે-ધીમે પરંતુ નિશ્ચિત રૂપથી અમેરિકાને જે જોઈએ છે, તે બધું જ મળી રહ્યું છે. અમેરિકાને અપેક્ષા મુજબનું ન મળ્યું તો અન્ય માર્ગે આ મુદ્દાનો અંત લવાશે.ઈરાનને સારા નેગોશિએટર ગણાવતા ટ્રમ્પે કહ્યું હતું, ઈરાનનું સૈન્ય નબળું પડી ગયું છે અને હવે આખી બાજી અમેરિકાના હાથમાં છે. અમેરિકા શાંતિથી વાત કરી રહ્યું છે, પરંતુ જરૂર જણાય તો સૈન્યને આખો મુદ્દો સોંપી દેવાશે. પરમાણુ શસ્ત્રો વિકસાવવાની કે ખરીદવાની કોઈ પણ પ્રવૃત્તિ નહીં કરવા ઈરાને ખાતરી આપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ઈરાન અને યુએસ વચ્ચે અગાઉ થયેલી ડ્રાફ્ટ ડીલમાં ટ્રમ્પે ઘણાં ફેરફાર કરાવ્યા છે. તેમાં ખાસ કરીને પરમાણુ શસ્ત્રોને લગતી જોગવાઈ વધુ આકરી કરાઈ છે. ડ્રાફ્ટ ડીલમાં ફેરફાર થયા હોવાથી ડીલ માટેની વાટાઘાટોમાં સમય વધારે લાગી રહ્યો છે. ઈઝરાયેલી સેના લેબેનોનમાં ઘણાં ઊંડે સુધી ઘૂસવામાં સફળ રહી છે. ૨૫ વર્ષ અગાઉ ઈઝરાયેલે લેબેનોન ખાલી કર્યું હતું, પરંતુ આ વખતે ઈઝરાયેલે દક્ષિણ લેબેનોનમાં આવેલો બ્યુફોર્ટનો કિલ્લો કબજે કરી લીધો છે. દરિયાથી ૭૦૦ મીટરની ઊંચાઈએ આવેલા આ કિલ્લાથી લેબેનોન અને ઉત્તર ઈઝરાયેલ બંને દેખાય છે. પ્રાચીન સમયથી સૈન્ય દૃષ્ટિથી આ કિલ્લાનું વ્યૂહાત્મક મહત્ત્વ છે અને હવે ઈઝરાયેલ આ કિલ્લો ખાલી કરવા માગતું નથી.

ASHOK INVESTORS TRUST Ltd.
CIN : U67120MH1991PLC162315 Registration No.:B-13.01917

લેવલ - ૩, ૫ કેપીટલ, પ્લોટ સી-૭૦, જી-બ્લોક, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા ઈસ્ટ, મુંબઈ - ૪૦૦૦૫૧, ઈમેલ : business@ashokinvestors.com Tel No. +૯૧ ૨૨ ૪૯૦૫ ૫૭૦૧

સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (સરફેસી) એક્ટ-૨૦૦૨ અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ હેઠળ નિયમ ૮(૬) જોગવાઈ મુજબ વેચાણ માટે ઈ-દરાજી વેચાણ નોટીસ.

અશોક ઈન્વેસ્ટર્સ ટ્રસ્ટ લિમીટેડ ("AIT"/સિકયોર્ડ ક્રેડીટર) ને ભારતીય સ્ટેટ બેંક ("SBI"/સિકયોર્ડ ક્રેડીટર) દ્વારા તા.૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજના સોંપણી કરાર દ્વારા સંબંધિત નાણાંકીય દસ્તાવેજો હેઠળ નીચે આપેલા દેવાદાર અને મોર્ગેજરો / જામીનદારોને આપવામાં આવેલી લોન, અન્ય બાબતોની સાથે, તમામ અધિકારો ટાઈટલ, વ્યાજ અને તેમાં રહેલી અન્ય તમામ સુરક્ષા સાથે સોંપવામાં આવી છે. સિકયોર્ડ ક્રેડીટર (ખાસ કરીને નીચે વર્ણવેલ) ભારતીય સ્ટેટ બેંક ના પ્રત્યક્ષ કબજામાં હતી, હવે તે સિકયોર્ડ ક્રેડીટરના પક્ષમાં ગિરવે મુકવામાં આવી છે.

નીચે સહી કરનાર, સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદારો અને મોર્ગેજરો / જામીનદારોને સુચના આપે છે કે સિકયોર્ડ મિલકતો તા. ૦૮/૦૭/૨૦૨૬ (બપોરે ૩.૦ વાગ્યા થી ૫ વાગ્યા સુધી) **"જે છે જ્યાં છે" "જેમ છે તે છે" "જે કાંઈ છે" "કોઈ આશ્રય નથી"** ના ધોરણે ઈ-હરાજી દ્વારા વેચવામાં આવશે. સંબંધિત બાકી રકમ (જેમ નીચે ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે), તેમજ દેવાદારો અને મોર્ગેજરો / જામીનદારો પાસેથી સિકયોર્ડ ક્રેડીટરને ચુકવવાના બાકી વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓની વુસાલત માટે.

સિકયોર્ડ મિલકતોનું વર્ણન, અનામત કિંમત ("આરપી", જેની નીચે સિકયોર્ડ મિલકત વેચવામાં આવશે નહીં) અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) સંબંધિત વિગતો નીચેના કોષ્ટકમાં વધુ સ્પષ્ટ રીતે દર્શાવેલ છે.

ક્રમ નં.	ઉધારકર્તા / મોર્ગેજરો / સહ-ઉધારકર્તાનું નામ	મુકરર મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની રકમ અને તારીખ	આરપી રકમ (રૂા.)/ ઈએમડી રકમ (રૂા.)
૧.	શ્રી શીરીશભાઈ પરસોત્તમભાઈ પટેલ અને શ્રીમતી નયનાબેન શીરીશભાઈ પટેલ	તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો એફ - પ્રકાર, પ્લોટ નં. ૧૪૬, કુમકુમ બંગ્લોઝ, ક્ષેત્રફળ ૧૧૧.૪૭ સ્કે.મી., અવિભાજીત હકક સાથેનો રોડ અને સીઓપી નું ક્ષેત્રફળ ૫૩.૯૪ સ્કે.મી., કુલ ક્ષેત્રફળ ૧૬૫.૪૧ સ્કે.મી., આર.એસ. નં. ૪/૧, બ્લોક નં. ૪૫, આર.એસ. નં. ૪/૨, બ્લોક નં. ૪૬, આર.એસ. નં. ૪/૩ અને ૯, બ્લોક નં. ૪૭ પૈકી ૧, આર.એસ. નં. ૪/૩ અને ૯, બ્લોક નં. ૪૭ પૈકી ૨, મોજે - સઢીયાર, તાલુકો - ઓલપાડ, જીલ્લો - સુરત. ચતુઃસીમા :- પૂર્વે : સોસાયટી રોડ, પશ્ચિમે : પ્લોટ નં. એફ/૨૦૭, ઉત્તરે : બ્લોક નં. ૫૫, દક્ષિણે : પ્લોટ નં. ડી/૧૪૭.	રૂા. ૩૫,૯૬,૬૩૦/- (રૂા. પાંત્રીસ લાખ છન્નુ હજાર છસ્સો ત્રીસ પુરા), તા. ૧૯.૦૪.૨૦૨૧ ના સુધી	અનામત કિંમત રૂા. ૧૫,૦૦,૦૦૦/- (રૂા. પંદર લાખ પુરા) ઈએમડી રૂા. ૧,૫૦,૦૦૦/- (રૂા. એક લાખ પચ્ચાસ હજાર પુરા)
૨.	શ્રી હિનેશભાઈ જીણાભાઈ કોરટ અને શ્રીમતી શોભાબેન કોરટ	તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો પ્લોટ નં. ૨૪૦, કુમ કુમ રેસીડેન્સી, પ્રકાર - ડી, આર.એસ. નં. ૬૪૮, ૬૫૨/૧ અને ૬૫૨/૨, બ્લોક નં. ૫૮૪, ૫૮૫ અને ૫૮૮, વાસ્તુ રો હાઉસની બાજુમાં, આત્મીયા બંગ્લોઝની પાસે, કામરેજ, સુરત. ચતુઃસીમા :- પૂર્વે : જોડેની સોસાયટીની બાઉન્ડ્રી, પશ્ચિમે : સોસાયટીનો આંતરીક રોડ, ઉત્તરે : જોડેનો પ્લોટ નં. ૨૩૯, દક્ષિણે : જોડેનો પ્લોટ નં. ૨૪૧.	રૂા. ૪૧,૨૫,૬૮૨/- (રૂા. એકતાલીસ લાખ પચ્ચીસ હજાર સાતસો બ્યાસી પુરા), તા. ૧૬.૦૪.૨૦૨૧ ના સુધી	અનામત કિંમત રૂા. ૨૨,૦૦,૦૦૦/- (રૂા. બાવીસ લાખ પુરા), ઈએમડી રૂા. ૨,૨૦,૦૦૦/- (રૂા. બે લાખ વીસ હજાર પુરા)
૩.	શ્રી નિલેશભાઈ હસમુખભાઈ સોલંકી	તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો ફલેટ નં. એ-૧૦૪, પહેલો માળ, ટાવર - એ, એલ્ટન એન્કલેવ, બાંધકામ એરીયા નું ક્ષેત્રફળ ૬૨.૫૩ સ્કે.મી., અવિભાજીત હકક સાથેનું ક્ષેત્રફળ ૨૪.૪૫ સ્કે.મી. બાંધકામનો બ્લોક નં. ૪૧ (જુનો સર્વે નં. ૪૩), ટી પી નં. ૨ (ઓ.પી. નં. ૧૭), એફપી નં. ૧૬,મોજે - ભાયલી, વિભાગ - ૩, રજીસ્ટ્રેશન જીલ્લો - વડોદરા, સબ જીલ્લો - વડોદરા. ચતુઃસીમા :- પૂર્વે : જોડેની માર્જીન જગ્યા, પશ્ચિમે : કોમન જગ્યા, ઉત્તરે : જોડેની માર્જીન જગ્યા, દક્ષિણે : ફલેટ નં. એ-૧૦૨.	રૂા. ૩૦,૨૨,૮૮૦/- (રૂા. ત્રીસ લાખ બાવીસ હજાર આઠસો એંસી પુરા), તા. ૦૫.૧૦.૨૦૨૦ ના સુધી	અનામત કિંમત રૂા. ૧૬,૦૦,૦૦૦/- (રૂા. સોળ લાખ પુરા) ઈએમડી રૂા. ૧,૬૦,૦૦૦/- (રૂા. એક લાખ સાઠીઠ હજાર પુરા)
૪.	શ્રીમતી ભાવિકા નિરવ પટેલ	તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો ફલેટ નં. સી/૩૦૩, ત્રીજો માળ, ટાવર - સી, કેદાર એપાર્ટમેન્ટ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિમીટેડ, કારેલીબાગ, વડોદરા, બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૪૦૦ સ્કે. ફીટ., જે સ્થિત આર.એસ. નં. ૧૪/૩, ૧૪/૨, ટી પી સ્કીમ નં. ૯, એફપી નં. ૩૭૨ પૈકી, મોજે - સાવડ, રજીસ્ટ્રેશન જીલ્લો અને સબ જીલ્લો - વડોદરા. તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો ફલેટ નં. સી/૩૦૪, ત્રીજો માળ, ટાવર - સી, કેદાર એપાર્ટમેન્ટ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિમીટેડ, કારેલીબાગ, વડોદરા, બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૪૦૦ સ્કે. ફીટ., જે સ્થિત આર.એસ. નં. ૧૪/૩, ૧૪/૨, ટી પી સ્કીમ નં. ૯, એફપી નં. ૩૭૨ પૈકી, મોજે - સાવડ, રજીસ્ટ્રેશન જીલ્લો અને સબ જીલ્લો - વડોદરા. **નોંધ : બંને મિલકતો મર્જ કરવામાં આવી છે અને એક મિલકત તરીકે વેચવામાં આવશે.**	રૂા. ૨૩,૭૨,૬૨૬/- (રૂા. ત્રેવીસ લાખ બોત્તેર હજાર છસ્સો છવ્વીસ પુરા), તા. ૨૯.૧૨.૨૦૧૮ ના સુધી	અનામત કિંમત રૂા. ૧૪,૦૦,૦૦૦/- (રૂા. ચૌદ લાખ પુરા) ઈએમડી રૂા. ૧,૪૦,૦૦૦/- (રૂા. એક લાખ ચાલીસ હજાર પુરા)

(*) બિડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ સિકયોર્ડ મિલકતો સાથે જોડાયેલા ટાઈટલ / બોજો / જોડાણો, કર અને ફરજો, સોસાયટીના બાકી લેણાં, પાર્કિંગ જગ્યાઓ અંગે પોતાની રીતે યોગ્ય કાર્યવાહી કરે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને વેબસાઈટ : https://www.bankeauctions.com/ and https://ashokinvestors.com/auctions/ પર લોગ ઈન કરો. હરાજી અંગે વધુ માહીતી માટે, ઈચ્છુક ટેન્ડરરો શ્રી વિવેક કુમરા, અધિકૃત અધિકારીનો ઈમેલ આઈડી : business@ashokinvestors.com પર બધા કાર્યકારી દિવસોમાં સંપર્ક કરી શકે છે.

તારીખ : ૦૬.૦૬.૨૦૨૬ **સહી/-**
સ્થળ : મુંબઈ **અશોક ઈન્વેસ્ટર્સ ટ્રસ્ટ લિમીટેડ (અધિકૃત અધિકારી)**

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફિસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧૧, પ્લોટ નં.બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૪

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ,૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદ